બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ક્રમિક વધારાના વર્ગો ખોલવા માટે અરજી ફી દાખલ કરવા તેમજ શાળાઓનું કદ મર્યાદિત કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૯૯-૩૧૪-ગ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ ૧૫-૫-'૯૯

વંચાણમાં લીધા :૧: ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તારીખ ૨૭-૧-૯૯ નો પત્ર ક્રમાંક: ઘ- માધ્યમિક-૮૯૦

આમુખ :-

રાજ્યમાં આવેલ બિન સરકારી ગ્રાન્ટ લેતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ક્રમિક વર્ગ વધારા અંગેની ઘણી માગણીઓ આવે છે અને વિગતવાર ચકાસણી કરીને તે અંગે નિર્ણય લેવામાં આવે છે. આ વર્ગ વધારા અને શાળાઓને નિયંત્રણ અને સુવ્યવસ્થિત કરવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના ઉપર સંદર્ભમાં દર્શાવેલ પત્રથી રજૂઆત કરવામાં આવેલ હતી તે બાબતે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની મંજુરી આપવાનું સરકારશ્રીએ ઠરાવેલ છે.

ઠરાવ :-

(૧) બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ ક્રમિક/ વધારાના વર્ગો ખોલવા ( શરૂ કરવા ) માટે નિયત કરવામાં આવેલ અરજીપત્રક સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારી પાસેથી મેળવી તેમાં જણાવેલ વિગતો જરૂરી આધાર સાથેની દરખાસ્ત સાથે સંબંધિત ધોરણના પ્રત્યેક વર્ગદીઠ રૂા. ૨૫૦૦/- ( અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) ની ફી સાથે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી મારફતે મોકલવાની રહેશે જે અંગે દરખાસ્ત મળેથી બે મહિનામાં જરૂરી યોગ્ય તે નિર્ણય ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીએ આપવાનો રહેશે. જો બે મહિનામાં તે નિર્ણય ન આપે તો લીધેલી દરખાસ્ત અંગેની ફી પરત (રીફંડ) કરવામાં આવશે.

(૨) વધુમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું કદ પ્રમાણસર અને મર્યાદિત રહે અને તેનો વહીવટ સરળતાથી થઈ શકે તથા બીજી શાળાઓનો સમતુલીત વિકાસ થાય તે માટે ચાલુ માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણદીઠ વધુમાં વધુ ૬ (છ) વર્ગો મંજુર કરી શકાશે તેથી વધુ વર્ગ વધારાની દરખાસ્ત સ્વીકારવામાં આવશે. નહી.

(૩) દરખાસ્ત અરજી ફી ચલન દ્વારા બજેટ સદર- ૨૨૦૨- શિક્ષણ-સ્પોર્ટ અને કલા- ૦૨- અધર રીસ્પ્ટ-૦૨- સેકન્ડરી એજ્યુકેશન પરચુરણ વસુલાત ખાતે જમા કરાવવાની રહેશે. અને ચલન અરજી સાથે જોડવાનું રહેશે.

(૪) આ હુકમોનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ સને ૧૯૯૯-૨૦૦૦ થી કરવાનો રહેશે.

(૫) આ ઠરાવની અમલીકરણ માટે જરુરી જણાયે તેવી વહીવટી સુચનાઓ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી બહાર પાડી શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મુહેશભાઈ શાહ
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ( ઓડિટ ખર્ચ) રાજકોટ.
- સંયુકત શિક્ષણ નિયામકશ્રી, ૧૦, કતા ૨ ખાસ ઘટક ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- ડાયરેકટર ઓફ એકાઉન્ટસ એન્ડ ટ્રેઝરી, અમદાવાદ.
- ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ.
- ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- રાજ્યની તમામ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ( જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફત. )
- શિક્ષણ વિભાગની તમામ શાખાઓ.
- સિલેકટ ફાઈલ, ગ. શાખા શિક્ષણ વિભાગ.
- મદદનીશ સિલેકટ ફાઈલ.

ડામોર/૨૬૫૯૯/૨૮.